RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 189, Dt.24-10-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ‘દાના’ વાવાઝોડુ મધરાત બાદ ઓડિશા પર ત્રાટકશે

## કાતિલ પવન ફુંકાવાનું શરૂ: શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરાઇ : વિવિધ કિનારે ૧૪૪ કલમ લાગુ : વૃક્ષો – થાંભલાનો સોંથ વળવો શરૂ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વાવાઝોડું ‘દાના’તેનું વિકરાળ સ્વરૂપ ધારણ કરવા જઈ રહ્યું છે. વાવાઝોડું દાના હાલમાં દરિયાકાંઠાના ઓડિશા તરફ આગળ વધી રહ્યું છે, જે આજે રાત સુધીમાં પ.બંગાળ અને ઓડિશામાં હાહાકાર મચાવશે. જયારે વાવાઝોડું લેન્ડ ફોલ કરશે ત્યારે તેનું વિકરાળ સ્વરૂપ જોવા મળશે. આ દરમ્યાન ૧૨૫ કિમીની ઝડપે પવન ફુંકાશે. અને ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. વાવાઝોડું દાન કુલ ૫ રાજ્યોને પ્રભાવિત કરશે તેમાં પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે., જેના કારણે ઓડિશાની અડધી વસ્તી પ્રભાવિત થવાનો ભય છે.વાવાઝોડાના આગમનને કારણે લોકોમાં ભારે ભયનો માહોલ છે. વાવાઝોડાના લિસે ૫૦૦ થી વધુ ટ્રેનો રદ અને અનેક ફ્લાઈટો કેન્સલ કરવામા આવી છે. એનડીઆરએફની ૫૬ થી વધુ ટીમોને તૈનાત કરવામાં આવી છે.

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ રાજ્ય સરકારની તૈયારીઓની સમીક્ષા કરી. સમીક્ષા કર્યા પછી, તેમણે કહ્યું કે ઓળખાયેલા ‘ડેન્જર ઝોન’માં રહેતા માત્ર ૩૦ ટકા લોકો અથવા લગભગ ૩-૪ લાખ લોકોને બહાર કાઢી શકાયા હતા. તમામ જોખમી વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢવાની પ્રક્રિયા ગુરુવારે સવારે પણ ચાલુ રહેશે. દરમિયાન, ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે ચક્રવાત દાના શુક્રવારે સવારે ભીતરકણિકા નેશનલ પાર્ક અને ધામરા બંદર વચ્ચે લેન્ડફોલ કરી શકે છે. જો કે ૨૪મી ઓક્ટોબરની રાતથી જ ચક્રવાત દાના આગમનની પ્રક્રિયા શરૂ થઈ જશે. ઓડિશા અને બંગાળના ઘણા જિલ્લાઓમાં શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરાઈ છે.





સૂત્રોના જણાવ્યા મુજબ, વાવાઝોડું દાના મધ્ય અને ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડી પર છેલ્લા ૬ કલાક દરમિયાન ૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું. જો કે, લેન્ડફોલના સમય સુધીમાં આ ઝડપ ૧૩૦ KM/h સુધી પહોંચી શકે છે.

ચક્રવાતી તોફાન દાનાના અવાજને કારણે ઓડિશાના ભદ્રક જિલ્લામાં જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે. આ વાવાઝોડું આજે મધ્યરાત્રિએ ઓડિશા અને બંગાળના દરિયાકાંઠે ટકરાઈ શકે છે. ચક્રવાત દાનાના આગમન પહેલા, ઓડિશાના કેન્દ્રપારા કિનારે ઊંચા મોજાઓ ઉછળ્યા હતા, જેનો એક વીડિયો પણ ઓનલાઈન સામે આવ્યો છે. ચક્રવાતી તોફાન વધુ તીવ્ર થવાની સંભાવના છે અને પવનની ઝડપ ૧૨૦-૧૨૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચશે અને આજે રાત સુધીમાં તે ભીતરકણિકા નેશનલ પાર્ક અને ઓડિશાના ધમરા બંદર વચ્ચે પહોંચી જશે.

સરકારે કટોકટીનો સામનો કરવા માટે NDRF અને ફાયર કર્મીઓની ૨૮૮ ટીમો તૈનાત કરી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ મિનિસ્ટર સુરેશ પૂજારીએ કહ્યું કે સંવેદનશીલ જિલ્લાઓમાં ૩,૦૦૦ થી વધુ ગામોની ઓળખ કરવામાં આવી છે, જયાંથી લગભગ ૧૦.૬૦ લાખ લોકોને સ્થળાંતર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ સિવાય લગભગ ૬,૦૦૦ રાહત કેમ્પ બનાવવામાં આવ્યા છે.

IMDના મહાનિર્દેશક મળત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું કે લેન્ડફોલ પ્રક્રિયા દરમિયાન મહત્તમ ઝડપ ૧૨૦ કિમી પ્રતિ કલાકની આસપાસ રહેવાની શકયતા છે. તેથી, લેન્ડફોલના સમય દરમિયાન ભારે વરસાદ, પવન અને વાવાઝોડાની વળદ્ધિ ટોચ પર રહેશે, જે ૨૪ ઓકટોબરની રાત્રિથી ૨૫ ઓક્ટોબરની સવારની વચ્ચે છે.

# પ્રદૂષણ મુક્ત વાતાવરણ એ દરેક નાગરિકોનો અધિકાર : સુપ્રીમ

## પાટનગરમાં સતત વધી રહેલા પ્રદૂષણના કારણે ફરી લોકોની વધેલી પરેશાની સામે સુપ્રિમની લાલ આંખઃ રાજ્ય સરકારોને આડે હાથે લેતા કોર્ટે કહ્યું કે, પરાડી સળગાવનારા સામે શા માટે આકરા પગલા લેવાતા નથી?

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પાટનગર દિલ્હીમાં ફરી એક વખત શરુ થયેલા પ્રદૂષણ મુદ્દે આજે સુપ્રિમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને આડે હાથે લેતા પરાડી સળગાવનારા સામે શા માટે આકરા પગલા લેવાતા નથી તે પ્રશ્ન પૂછ્યો હતો.

ગઈકાલે જ સર્વોચ્ચ અદાલતે બંને રાજ્ય સરકારોની આકરી ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે તમો કારણ રજૂ કરતા રહો અમે સુનાવણી કરતા રહીએ અને પ્રદૂષણ વધતું રહેશે. રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે સંકલન નહીં હોવા અંગે સુપ્રિમ કોર્ટે પૂછ્યું હતું કે, પ્રદૂષણ વધવા પાછળ મુખ્ય આ કારણ જ જવાબદાર છે અને તમામ સંબંધીત પક્ષો છેતરામણી રજુઆત કરી રહ્યા છે.

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ અભય ઓકાના વડપણ હેઠળની ખંડપીઠે જણાવ્યું હતું કે સ્વચ્છ હવા એ દેશના લોકોનો મુળભૂત અધિકાર છે અને તે બંધારણીય કલમ ૨૧માં દર્શાવાયું છે. પ્રદૂષણ મુક્ત વાતાવરણ એ દરેક નાગરિકોને ઉપલબ્ધ થવો જોઈએ.

આ ફકત કાયદાનો અમલનો જ પ્રશ્ન નથી પરંતુ સરકારે લોકોના અધિકારોનું રક્ષણ કરવાનું છે. પરંતુ સરકારો તેમાં ઉણી ઉતરી રહી છે. સર્વોચ્ચ



અદાલતે ગઈકાલે કહ્યું હતું કે ફકત સુપ્રિમમાં સુનાવણીથી પ્રદૂષણ ઘટશે નહીં પરંતુ સરકારોએ સાથે રહી નક્કર કામગીરી કરવાની રહેશે. દિલ્હીની હોસ્પિટલોમાં શ્વસન સંબંધી કેસોમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો નોંધાયો છે. શ્વસન રોગના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, બાળકો અને વળદ્ધો પ્રદૂષણની ખરાબ અસરો પ્રત્યે સૌથી વધુ સંવેદનશીલ હોય છે. તેમણે લોકોને ઘરની બહાર ન નીકળવાની અને ધૂળના સંપર્કમાં આવવાનું ટાળવાની સલાહ આપી. દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (અચઈ) એક સપ્તાહ કરતાં વધુ સમયથી ‘ખરાબ’ શ્રેણીમાં છે.

# ઓનલાઈન સેવા માટે OTP ટ્રેસીંગની સુવિધા ૧ માસ પાછળ ઠેલાય તેવી શકયતા


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ટેલીકોમ અને બેન્કીંગ ઈ-કોમર્સ તથા અન્ય ડિજીટલ વ્યવહારોમાં વન-ટાઈમ પાસવર્ડ (ઓટીપી) ખૂબજ મહત્વના બની ગયા છે અને આ ઓટીપીના આધારે જ ફ્રોડ પણ થાય છે તેવી ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડીયાએ હવે કોઈપણ પ્રકારના ટ્રાન્જેકશન કે સર્વિસ માટે જે ઓટીપી સેવા છે તેને ટ્રેસેબલ બનાવી શકાય એટલે કે તે મુળભૂત રીતે કોણે કયાં નંબર પરથી મોકલાયા છે તે નિશ્ચિત કરીને ફ્રોડ માટે મોકલાતા ઓટીપી રોકી પણ શકાય તેવું મિકેનીઝમ તા.૧ નવે.થી લાગુ કરવામાં હવે ફરી વિલંબ થઈ શકે છે.

દેશની ત્રણ મુખ્ય ટેલીકોમ કંપનીઓ રીલાયન્સ જીયો, ભારતી એરટેલ તથા આઈડીયા-વોડાફોનમાં ટ્રાઈને એક પત્ર લખીને જણાવ્યું કે તેમાં આ પ્રકારની મેસેજ-બ્લોડીંગ સુવિધા માટે તૈયાર છે.

હજુ ટેલીમાર્કેટીંગ કંપનીઓ જે ઈ-કોમર્સ સહિતના વ્યાપારમાં કાર્યરત છે. તેઓએ હજુ આ માટે તેની સિસ્ટમ અપડેટ કરી નથી. જેથી ટ્રેસેબીલીટીના આદેશમાં વિઘ્ન સર્જાય તેવી શકયતા છે.

બેન્કો-નાણાકીય સંસ્થાઓ કે પછી માન્ય એજન્સીઓ જે ઓટીપી મોકલે છે તેણે ટ્રેસેબીલીટી સીસ્ટમ ગોઠવી છે. જેનાથી ટેલીકોમ કંપનીઓ હવે તે સિવાયના મેસેજોને સ્પામ કેટેગરીમાં મુકીને તે ચેતવણી પણ




આપે છે અને શંકાસ્પદ મેસેજ હોવાનું જણાવી મેળવનાર માટે ચેતવણી જેવું કામ કરે છે.

આ દેશમાં જે રીતે હજારો ટેલીમાર્કેટીંગ કંપનીઓ કાર્યરત છે તેમાં નહી નોંધાયેલા નંબર પરથી પણ આ પ્રકારે મેસેજ મોકલતી હતી અને તેથી તેના મેસેજને અલગ તારવી કે ટ્રેસ કરી શકાય તેવી સ્થિતિ હજુ નિશ્ચિત કરી શકાતી નથી.બેન્કે અને નાણાકીય સંસ્થાએ કે અન્ય ફ્રોડ કરનારાઓ ઓટીપી મોકલશે તેને ફોલો કરવા જણાવીને નાણાકીય ફ્રોડ કરે છે. મોબાઈલ કંપનીઓ ટ્રાઈનો આદેશ સ્વીકારવા તૈયાર છે પણ તેમાં જો આ રીતે તમામ ચેઈન પારખી શકાય તે નિશ્ચિત ન થાય તો અનેક વખત રીયલ મેસેજ પણ બ્લોક થઈ જાય તેવી શકયતા નકારાતી નથી.

દેશમાં રોજ આ પ્રકારના ૧.૫ થી ૧.૭ બીલીયન કોમર્શિયલ મેસેજ મોકલવામાં આવે છે અને તેમાં મોકલનારને ટ્રેસ કરી શકાય તે સીસ્ટમ ગોઠવવા ટ્રાઈએ ટેલીકોમ કંપનીઓને જણાવ્યુ છે. હવે આ સીસ્ટમ તા.૧ નવે.ના બદલે ૧ માસ વિલંબમાં ૧ ડિસે.થી અમલી બને તેવી શકયતા છે.

# હરણીકાંડ બાદ સરકારે શાળા પ્રવાસ માટે નવી ગાઈડલાઈન જાહેર કરી

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગુજરાતના વડોદરામાં શાળા તરફથી પ્રવાસ લઈ ગયેલાં અનેક બાળકો હરણી બોટકાંડમાં મોતને ભેટ્યાં હતાં. જેને લઈને સરકાર દ્વારા તમામ શાળાઓને બાળકોને પ્રવાસ લઈ જવાની મંજૂરી આપવાની બંધ કરી દીધી હતી. આ સાથે આદેશ કરવામાં આવ્યો હતો કે, નવી ગાઈડલાઈન ન આવે ત્યાં સુધી કોઈપણ શાળાએ પ્રવાસનું આયોજન કરવું નહીં. જોકે, હવે દિવાળીનું વેકેશન શરૂ થવા જઈ રહ્યું છે અને દિવાળી બાદ શાળામાં બાળકોને સર્વાંગી શિક્ષણના ભાગરૂપે પ્રવાસ યોજાતો હોય છે. ત્યારે શિક્ષણ વિભાગને પ્રવાસ માટે અનેક શાળામાંથી મંજૂરી માટેની અરજી કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ શિક્ષણ વિભાગે એક ગાઈડલાઈન બનાવી રાજ્ય સરકારને મોકલી હતી. જેમાં જરૂરી સુધારા-વધારા કરી મંજૂરી આપવામાં આવી છે. હવે શાળામાંથી બાળકોને પ્રવાસ લઈ જવા માટે જાહેર કરવામાં આવેલી આ નવી ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં શાળામાં બાળકોને પ્રવાસ લઈ જવા માટેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. જે મુજબ રાજ્યની તમામ સરકારી/અનુદાનિત/ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા શૈક્ષણિક પ્રવાસના આયોજનમાં આગ, અકસ્માત કે અન્ય અનિચ્છનીય બનાવ કે દુર્ઘટના ન બને તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્ધથીઓ/શિક્ષકોની સંપૂર્ણ સલામતી તેમજ સુરક્ષા જળવાઈ તેમ માટે જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે શાળાના આચાર્યની અધ્યક્ષતામાં વિદ્યાર્થીઓના વાલી પ્રતિનિધિ સહિતની સમિતિની રચના કરી તથા સ્થળ સંબંધિત રૂટ, જોખમો, પ્રવાસના લાભાલાભ વગેરે વિસ્તૃત ચર્ચા કરવાની રહેશે. પ્રવાસનું વાહન નક્કી કરતી વખતે સંબંધિત પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (છ.ઝ.ઘ) દ્વારા આપેલી પરમીટ મુજબની સંખ્યા પ્રમાણે જ આયોજન કરવાનું રહેશે. પ્રવાસમાં ઉપયોગમાં લેવાતા વાહન વાહનમાં ગ્રઙ્ઘજટ્રેકિંગ સિસ્ટમ હોવી જોઈએ, તેમજ વાહનમાં છ.ઝ.ઘ દ્વારા ઈશ્યુ કરવામાં આવેલા રજિસ્ટ્રેશન કાર્ડ, પરમીટ, ડ્રાઈવરનું માન્ય લાઈસન્સ, વીમો



વગેરેની નકલની અગાઉથી ચકાસણી કરાવવાની રહેશે. આ સાથે જ વાહનમાં ફાયર સેફ્ટીના સાધન પૂરતા પ્રમાણમાં હોવા જોઈએ. તેમજ સ્ટાફને પ્રવાસ પહેલાં ફાયર સેફ્ટીના સાધનના ઉપયોગની તાલીમ આપવાની રહેશે.

નોંધનીય છે કે, શાળાએ પ્રવાસ શરૂ થવાના ૧૫ દિવસ પહેલાં જે-તે વિભાગને અને ગાંધીનગરને સાધનિક તમામ વિગત સાથે જાણ કરવાની રહેશે. આ સિવાય શાળાએ દર ૧૫ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક પ્રવાસમાં જોડાય તેવું આયોજન કરવાનું રહેશે. તેમજ વિદ્યાર્થીઓએ પ્રવાસ દરમિયાન શું કરવું અને શું ન કરવું સમજાવા માટે ગોષ્ઠી બેઠક કરવાની રહેશે.

# આજીવન કારાવાસમાં છૂટ માટે બે વર્ષ સારી વર્તણુંકની ગુજરાત હાઈકોર્ટની શરત સુપ્રિમે ફગાવી

- સુપ્રિમ કોર્ટે કહ્યું – આ મનસ્વી અને બંધારણની વિરૂદ્ધ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે આજીવન કારાવાસની સજામાં છુટ માટે અપરાધીને બે વર્ષ સુધી શાલીનતાપૂર્ણ વ્યવહાર કરવાની શરતને સ્પષ્ટ રીતે મનમાની જણાવીને ફગાવી દીધી હતી.સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે આ ખૂબ જ અસ્પષ્ટ વ્યક્તિપરક અને બંધારણની કલમ ૨૧ નું ઉલ્લંઘન છે ગુજરાત હાઈકોર્ટે આ



શરત લગાવી હતી.

જસ્ટીસ અજય એસ.ઓકા અને જસ્ટીસ એ.જી.મસીહની પીઠે જણાવ્યું હતું કે સીઆરપીસીની કલમ ૪૩૨ ની પેટા કલમ (૧) માં મળેલી શકિતનો પ્રયોગ કરીને આવી અસ્પષ્ટ શરત લગાવવાથી કાર્યપાલિકાના હાથમાં પોતાની મરજીથી છુટને રદ કરવાનું એક હથીયાર મળી જશે.એટલે આવી શરતો મનમાની છે અને તે ભારતના બંધારણની કલમ ૧૪ અંતર્ગત આવશે.

પીઠે જણાવ્યું હતું કે, કોઈ દોષિ અધિકારના રૂપે સજામાં છુટની માંગ કયારેય ન કરી શકે. જોકે તેને આ દાવો કરવાનો અધિકાર છે કે છુત્ત દેવાના તેના મામલામાં કાનુન અને સરકારની લાગુ નીતિ અનુસાર વિચાર કરવો જોઈએ.

પીઠે કહ્યું હતું કે જો લગાવવામાં આવેલ નવી શરતો મનમાની છે તો કલમ ૧૪ ના ભંગના કારણે તેને દોષમુકત માનવામાં આવશે.આવી મનમાની શરતો બંધારણની કલમ ૨૧ અંતર્ગત દોષીના અધિકારોનું ઉલ્લંઘન કરી શકે છે.

# જાહેર સ્થળોએ મફત કાનૂની સહાયના નંબરો લખવા સુપ્રિમનો આદેશ

## સુપ્રિમ કોર્ટે જરૂરિયાતમંદોને મફત કાનૂની સહાય માટે પોલીસ સ્ટેશન, બસ સ્ટોપ જેવાં સાર્વજનિક સ્થળોએ લીગલ ઓફિસનું સરનામું અને ફોન નંબર લખવા તાકિદ કરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે કહ્યું કે મફત કાનૂની સહાયની કામગીરીને સુનિશ્ચિત કરવા માટે એક મજબૂત મિકેનિઝમ સ્થાપિત થવી જોઈએ, જેથી કાનૂની સેવા પ્રાધિકરણ દ્વારા ચલાવવામાં આવતી લાભદાયી યોજનાઓ તમામ લોકો સુધી ઉપલબ્ધ કરાવી શકાય.

જસ્ટિસ બીઆર ગવઈની આગેવાની હેઠળની સર્વોચ્ચ અદાલતની બેન્ચે જરૂરિયાતમંદોને જરૂરી કાયદાકીય સહાય પૂરી પાડવાના મુદ્દે અનેક નિર્દેશો જારી કર્યા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, પોલીસ સ્ટેશન, બસ સ્ટોપ જેવી સાર્વજનિક જગ્યાઓ પર નજીકની કાનૂની સહાય કાર્યાલયનું સરનામું અને ફોન નંબર મુખ્ય રીતે લખવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી રાજ્યો અને જિલ્લા કાનૂની સેવા સત્તાવાળાઓ સાથે મળીને એ સુનિશ્ચિત કરશે કે જેલમાં રહેલા કેદીઓને કાનૂની સહાય સેવાઓ મળી રહે અને આ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર હાથ ધરવી જોઈએ.

કોર્ટે કહ્યું કે, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ રાજ્યો અને જિલ્લા કાનૂની સેવા સત્તાવાળાઓ સાથે મળીને સુનિશ્ચિત કરશે કે જેલમાં કેદીઓને કાનૂની સહાય સેવાઓની ઍક્સેસ માટે પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે કાનૂની સહાય



પ્રણાલીની સફળતા માટે આ અંગે જાગૃતિ ખૂબ જ જરૂરી છે.

કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ચલાવવામાં આવતી તમામ લાભદાયી યોજનાઓ વિશે દેશનાં દરેક ખૂણે લોકોને માહિતી મળે તે સુનિશ્ચિત કરવા માટે એક મજબૂત વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટમાં છેલ્લી સુનાવણી દરમિયાન એનએએલએસએએ જણાવ્યું હતું કે, ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની જેલોમાં બંધ લગભગ ૮૭૦ કેદીઓ મફત કાનૂની સહાયની માહિતી મળ્યાં બાદ તેનાં દ્વારા તેમની સજા વિરુદ્ધ અપીલ કરવા માંગે છે. સુપ્રીમ કોર્ટ જેલમાં કેદીઓની સંખ્યા વધારવા સંબંધિત મામલાની સુનાવણી કરી રહી છે, આ મામલામાં ઉપરોક્ત નિર્દેશ જારી કરવામાં આવ્યાં છે.

# બોમ્બ ધમકીની તપાસમાં સહયોગ નહી આપતા X – મેટા પર સરકાર ખફા

## સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર પોષ્ટ થતી ધમકીના હેન્ડલની ઓળખમાં કંપની કાયદો બતાવે છેઃ અપરાધીઓને છાવરવા સામે આકરા પગલાની ચેતવણી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં મુસાફર વિમાનોથી રેલ્વે સેવા અને શાળાઓ સહિતના મહત્વના સ્થાનો પર બોમ્બની ધમકીના સતત વધી રહેલી ધમકીઓ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ એકસ (અગાઉનું ટવીટર) તથા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વિ.ના થઈ રહેલા ઉપયોગમાં હવે કેન્દ્ર સરકાર તથા આ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ સામસામા આવી ગયા છે. એકસ તથા મેટા (ફેસબુક) પરની ધમકીમાં પોષ્ટ કરતા હેન્ડલની તપાસ કરીને તેને ટ્રેસ કરીને માહિતી આપવા કેન્દ્ર સરકારે જણાવ્યા છતા પણ તેનું પાલન નહી થતા હવે આ પ્લેટફોર્મ સામે આકરા પગલા લેવાય તેવા સંકેત છે. એલન મસ્કની માલીકીના એકસ તથા માર્ક ઝુકરબર્ગની માલીકીના મેટાપ્લેટફોર્મ સરકારની વિનંતીઓ પર ઠંડો પ્રતિભાવ આપતા જાહેર કર્યુ છે કે ભારત સરકારની વિનંતી જો કાનુની દાયરામાં નહી હોય તો આ પ્રકારની માહિતી આપવામાં આવશે નહી. બોમ્બની ધમકીઓથી વિમાની સેવાને માઠી થવા લાગી છે તથા એરલાઈન્સને તેમાં રૂા.૫૦૦-૬૦૦ કરોડનું નુકશાન પણ ભોગવવું પડી રહ્યું છે. ભારત સરકારે આ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પરના હેન્ડલ પરથી નવચર્યુઅલ ક્રાઈમથ થઈ રહ્યું છે અને




સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ તેની તપાસમાં સહયોગ નહી આપી ગુનહાખોરોએ છાવરી રહ્યા હોવાની ચેતવણી ભારત સરકારે આપી છે. આ પ્રકારની બોગસ ધમકીઓ છતાં પણ પુરી ગંભીરતાથી તેમાં પગલા લેવા પડે અને અત્યાર સુધીમાં ફકત વિમાની સેવાઓજ આ પ્રકારે ૧૭૦ જેટલા મેસેજ મળ્યા છે. જે પોકળ પુરવાર થયા છે પણ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ તેની તપાસમાં સહકાર આપતા નહી હોવાથી દિલ્હી પોલીસ અને અન્ય એજન્સીઓને તપાસમાં વિઘ્ન સર્જાયુ છે.

# મહિલા અને બાળ વિકાસ વિભાગ આઈ.સી.ડી.એસ દ્વારા IYCFની તાલીમ રાજકોટ ગ્રામ્ય ખાતે યોજાઈ




**મુખ્ય સમાચાર, ઉપલેટા**

બાળવિકાસ યોજના અધિકારી રાજકોટ ગ્રામ્ય- પ્રફુલાબેન સોલંકી મુખ્ય સેવિકા તમામ રાજકોટ ગ્રામ્ય. તાલીમ મા હાજર રહેલ તેમજ માસ્ટર ટ્રેનર/ સી.ડી.પી.ઓ શ્રી-સોનલબેન વાળા. માસ્ટર ટ્રેનર- પિન્ટુબેન દવે. માસ્ટર ટ્રેનર-મિતલબેન પરમાર. તાલીમ આપેલ. બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રથમ ૧૦૦૦ દિવસ ખૂબ મહત્વ ના છે પ્રથમ ૧૦૦૦ દિવસમાં ૨૭૦ દિવસ (નવ માસ) ગર્ભાવસ્થા ના અને બાકી ના જન્મથી લઈ નેબે વર્ષ સુધીના ઉંમર ગણવામાં આવે છે આ મહત્વ ના સમયગાળા મા જન્મથી ૬ માસ સુધી બાળક ને ફક્ત સ્તનપાન અને ૬ માસ પછી યોગ્ય ઉપરી આહારની શરૂઆત કરવી ખૂબ જરૂરી છે.અને આ માટે સગર્ભા અને ધાત્રીમાતા ને કાઉન્સિલિંગ દ્વારા સમજ આપવી મહત્વની છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત સમાજમા સ્તનપાન અને પૂરક આહાર વિશે જ્ઞાન વધારવા ખોટી ધારણા અને માન્યતાઓ ને દુર કરવા અને ૦ થી ૬ વર્ષ ના બાળકોને આહારની પૂરતી જાગૃતિ અને સંપૂર્ણ માહિતીઓથી આંગણવાડી કાર્યકરો ને સંપૂર્ણતઃ સજ્જ બનાવવા જરૂરી છે સ્તનપાન અને બાળકોના ઉપરી આહારની તેવો વિકસાવવા અને લાભાર્થી માતાઓને કાઉન્સિલિંગ દ્વારા સમજ પૂરી પાડવા માટે આંગણવાડી કાર્યકરોને શિશુ અને નાના બાળકોને ખોરાક પ્રથાની તાલીમ આપવાની છે. રાજકોટ જિલ્લા ના રાજકોટ ગ્રામ્ય ના કુલ ૧૪૯ બહેનો ને તા ૩ થી ૨૩ ઓક્ટોબર સુધી ઈઢઈશ્ર ક્ષશ તાલીમ નું આયોજન કરેલ છે ટ્રેનર બાળ વિકાસ યોજના અધિકારી સોનલ બેન વાળા એ વીગત જણાવેલ છે.

(અહેવાલ નિલેશ સોલંકી ઉપલેટા)

# મોરબી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પાક નુકસાની વળતર, આંગણવાડી અને પવનચક્કી સહિતની સમસ્યા ગૂંજી

**મુખ્ય સમાચાર,મોરબી**

ત્રણ મહિના બાદ ફરી એકવાર આજે મોરબી જિલ્લા પંચાયત કચેરી ખાતે સામાન્ય સભા મળી હતી. ભાજપ કોંગ્રેસના અનેક સભ્યોની ગેર હાજરી વચ્ચે મળેલી આ સભા ચાલુ વર્ષે દિવાળી સુધી પડેલા વરસાદને કારણે ચોમાસું પાકને થયેલા નુકશાન માટે સરકાર દ્વારા વહેલી તકે વળતર ચૂકવવામાં આવે અને તેના માટે જિલ્લા પંચાયત દ્વારા ઠરાવ કરી રાજ્ય સરકારને ઠરાવ કરે તેમજ મોરબી જિલ્લાને લીલો દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરવામાં આવે ખેડૂતોના દેવા માફી કરવામાં આવે તેવી માગણી જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના સદસ્ય ભૂપતભાઈ ગોધાણી દ્વારા કરવામાં આવી હતી જોકે સત્તા પક્ષ દ્વારા ધારાસભ્ય અને સાંસદ સભ્યો દ્વારા આં બાબતે સરકારમાં રજુઆત કરી ચૂક્યા છે અને વળતર સરકારે ચૂકવવાનું હોવાનું કારણ આપી ઠરાવ મુકવા દેવાયોન હતો.

આ ઉપરાંત મોરબી જિલ્લામાં આવેલી આંગણવાડી મુદ્દે પણ પ્રશ્ન ઉઠયા હતા અને જેમાં કેટલીક આંગણવાડી ભાડાના મકાનમાં બેસે છે કેટલી આંગણવાડી ઓરડા જર્જરીત છે તે બાબતે ભૂપત ગોધાણી ના પ્રશ્ને શાખા અધિકારીએ રજૂ કરેલા જવાબ મુજબ જિલ્લામાં દરમિયાન નેકનામ ગામમાં આંગણવાડી મંજૂર થઈ ગઈ હોય પણ મનરેગા ના મજુર ન મળતા છેલ્લા કેટલાય સમયથી કામગીરી ન થતાં બાળકો અન્ય સ્થળે બેસવા મજબૂર બને છે.આ ઉપરાંત પવન ચક્કી



એજન્સી ની દ્વારા આડેધડ સરકારી મિલક્ત માં વીજ પોલ ખડકી દેવાયા હોય અને આ બાબતે રજૂઆતો કરવા છતાં દર વખતે તંત્ર સર્વેનું બહાનું કરી દેતું હોય તેમજ એજન્સી સામે એક્શન કેમ લેવાતા નથી જો એજન્સી અધિકારીઓના આદેશ ને ગાંઠતી ન હોય તો તેની સામે કડક એક્શન લેવા જરૂર પડે ફોજદારી કેસ કરવા પણ માગણી કરવામાંઆવી હતી.દિવાળી પર્વ નજીક હોય તેમ છતાં મોરબી જિલ્લામાં મોટા ભાગના રોડ રસ્તા ઉબડ ખાબડ હોય જેના કારણે લોકોને ખખડધજ રોડ માં ફરવું પડે તેવી માર્ગ મકાન વિભાગ દ્વારા વ્હેલી તકે પેચ વર્ક કામગીરી કરે તેવી રજૂઆતો કરી હતી.અલગ-અલગ મુદ્દાઓને લઈને કોંગ્રેસ દ્વારા ભાજપને ભીંસમાં લેવા પ્રયાસ કર્યો હતો, જો કે ટંકારાના ધારાસભ્ય દુર્લભજી દેથરિયા તેમજ ભાજપ સદસ્ય જયંતિભાઈ પડસુંબિયાએ કોંગ્રેસને હાવી થવા દીધી ન હતી ખુદ સદસ્ય ને સામાન્ય સભા રાજકીય રીતે પ્રશ્નોત્તરી કરી સમય બગાડવામાં આવતો હોય તેમના મત વિસ્તારમાં જઈ મુલાકાત લેવામાં આવે અને પ્રશ્નોના ઉકેલ લાવે તેવી ટકોર કરી હતી. દુર્લભજી દેથરીયાએ રોડ રસ્તા મુદ્દે કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે ટંકારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રોડ રસ્તાના સૌથી વધુ કામ મંજુર કરાવ્યા છે, આગામી દિવસમાં મુહૂર્તના કામમાં પણ જોડાજો.

# આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી જીલ્લા દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો




ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર)ગાંધીનગર પ્રેરિત આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી જીલ્લા દ્વારા નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીલ્લાકક્ષાએ નાલંદા વિદ્યાલય વિરપર મોરબીનાં બે પ્રોજેક્ટ્સ જીલ્લાકક્ષાએ વિજેતા થયા હતા. વધુમાં આ વિજેતાઓ રાજ્ય કક્ષાએ ગઈકાલ તા.૨૩ ઓક્ટોબર ૨૦૨૪ નેશનલ સાયન્સ સેમીનારઃ૨૦૨૪-૨૫ સાયન્સ સીટી અમદાવાદ ભાગ લેવા ગયા હતા, ત્યારે નેશનલ સાયન્સ સેમીનારમાં માકાસણા આયુષી જીતેન્દ્રભાઈ ધોરણ-૧૦ શ્રી નાલંદા વિદ્યાલય વિરપર મોરબી સમગ્ર ગુજરાત રાજ્યમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેથી તેણીએ નાલંદા વિદ્યાલય ઉપરાંત માર્ગદર્શક શિક્ષકો તેમજ મોરબી જીલ્લાનું નામ રોશન કરેલ છે. આ સિધ્ધિ હાંસલ કરવા બદલ જીલ્લા શિક્ષણાધિકારી કમલેશભાઈ મોતા, ઈ.આઈ.આંબરીયા તથા નસ્ત્રઆર્યભટ્ટ પલોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી તરફથી દિપેનભાઈ ભટ્ટ તથા એલ.એમ.ભટ્ટ તરફથી હાર્દિક શુભેચ્છાઓ સહ ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# જામનગર જિલ્લા પંચાયત ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત કુપોષિત બાળકોને પોષણ કીટ અર્પણ કરવામાં આવી

**મુખ્ય સમાચાર,જામનગર**



જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મયબેન ગરચરના અધ્યક્ષ સ્થાને વિકાસ સપ્તાહ અંતર્ગત વર્ષ-૨૦૨૪-૨૫ની બાળકોના પોષણમા સુધારો થવાના હેતુથી કરેલ રૂ. ૨.૦૦ લાખની જોગવાઈની ગ્રાન્ટમાંથી જિલ્લાના ૧ થી ૫ વર્ષના અતિ કુપોષિત ૪૪૬ બાળકોને પોષણ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં બાળક દીઠ સિંગદાણા (૪૦૦ ગ્રામ), રાગી લોટ (૫૦૦ ગ્રામ), દલીયા (૫૦૦ ગ્રામ), મગ (૫૦૦ ગ્રામ), ગોળ (૯૫૦ ગ્રામ), મોરીનૂગા(સરગવા) પાઉડર (૧૦૦ ગ્રામ)નું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ વાનગીઓની રેસીપીનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ પોષણ કીટ વિતરણની સાથે-સાથે નિવૃત્ત આંગણવાડી કાર્યકર બહેનોને મળવાપાત્ર ગ્રેજ્યુઈટીનાં ચેકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગગખ જિલ્લા તથા બ્લોક કોર્ડીનેટરઓ દ્વારા બાળકોને દુકાનનાં મસાલેદાર પેકેટ્સની આદત છોડાવવા, બાળકનાં વાલીઓમાં કુપોષણ બાબતે જાગૃતિ લાવવા તથા માર્ગદર્શન આપવાનાં વિષય પર રોલ પ્લે કરવામાં આવ્યો હતો.

જામનગર જિલ્લાને કુપોષણ મુક્ત કરવાના હેતુથી દર વર્ષે આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા કુપોષિત બાળકોનાં પોષણ સ્તરમાં સુધારો લાવવા માટે પોષણયુક્ત પંજરી, થેરાપેટીક ફૂડ, ફ્લેવર્ડ મિલ્ક, પોષણ કીટ વગેરે સમયાંતરે આપવામાં આવે છે.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, ચેરમેન ભાવનાબેન ભેંસદડીયા, સભ્ય ધરમશીભાઈ ચનીયારા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એચ.એચ. ભાયા, જિલ્લા આર.સી.એચ. ઓફિસર નુપુરકુમારી પ્રસાદ, પ્રોગ્રામ ઓફિસર બિનલ બી. સુથાર, ઘટકનાં તમામ બાળ વિકાસ યોજના અધિકારી, મુખ્ય સેવિકા, તથા આઈ.સી.ડી.એસ. સ્ટાફ, આંગણવાડી કાર્યકર, લાભાર્થી તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિદેશી દારૂના ગુનામાં સંડોવાયેલ આરોપીની પાસા તળે અટકાયત કરી જેલ હવાલે કરતી મોરબી ક્રાઈમ બ્રાંચ



મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમ દ્વારા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ મૂળ વાંકાનેર તાલુકાના મોટા લુણસર ગામના ઈસમને પાસા હેઠળ ડીટેઈન કરી ભાવનગર જેલ હવાલે કરવામાં આવ્યો છે. મોરબી જીલ્લા પોલીસ દ્વારા પ્રોહીબીશનના ગુન્હામાં સંડોવાયેલ ઈસમો સામે પાસા દરખાસ્ત મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા તેઓ દ્વારા આરોપી સંજય ઉર્ફે રાજુસિંગ રાણાભાઈ વરૂ રહે.હાલ રાજકોટ મૂળરહે મોટા લુણસર ગામ તા.વાંકાનેરવાળાનું પાસા વોરંટ ઈશ્યુ કરવામાં આવતા જે અન્વયે આરોપીની સત્વરે અટકાયત કરવા મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્કોડ સાથે પોલીસ ટીમ બનાવી આરોપી સંજય ઉર્ફે રાજુસિંગ રાણાભાઈ વરૂ ઉવ.૩૪ રહે.હાલ રાજકોટ સિંધોઈનગર માધાપર ગામ તથા મનહરપુર આજીડેમ-૨ વાડી વિસ્તાર મુળ રહે.મોટા લુણસર ગામ તા.વાંકાનેરવાળાને પાસા એકટ તળે ડીટેઈન કરી જીલ્લા જેલ ભાવનગર ખાતે સોંપી આપવામાં આવ્યો છે.

# એક માસ પહેલા થયેલ મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને દબોચી લેતી હળવદ પોલીસ



હળવદ પોલીસ મથક ટીમ દ્વારા મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે, જેમાં એક માસ પહેલા વિવો કંપનીના ૨૦ હજારની કિંમતના મોબાઇલ ચોરીમાં મૂળ છોટાઉદેપુર જીલ્લાના વતની એક આરોપીની અટક કરી તેની પાસેથી ચોરી કરેલ મોબાઇલ પરત પ્રાપ્ત કરવામાં આવ્યો છે. હળવદ પોલીસ મથક ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન કોન્સ. ગંભીરસિંહ વાઘજીભાઈ ચૌહાણ તથા કોન્સ.હરવિજયસિંહ કિરીટસિંહ ઝાલાને મળેલ બાતમી હકીકત આધારે વિવો વી-૨૯ ૮/૧૨૮ રેડ મોડલનો મોબાઇલ કિ.રૂ.૨૦ હજાર વાળા મોબાઇલ ચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપી મેહુલભાઇ મહેશભાઇ તડવી આશરે ઉવ.૨૧ રહે.કઠામ ફળીયા અણીયાદ્રી જેતપુર પાવી જી.છોટા ઉદેપુરને પકડી લઈ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો હતો, આ સાથે પકડાયેલ આરોપી પાસેથી ચોરી કરેલ મોબાઈલ રિકવર કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ટંકારાના લજાઈ પાસે SMCએ ડુપ્લિકેટ એન્જિન ઓઈલ બનાવતી ફેક્ટરી ઝડપીઃબેની ધરપકડ

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી જીલ્લામાં ફરી એકવાર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડા પાડ્યા હતા, જેમાં ટંકારાના લજાઈ-હડમતીયા રોડ ઉપર આવેલ ગોડાઉનમાં લૂઝ એન્જીન ઓઈલ નામી કંપનીના ટીનમાં પેકિંગ કરવાના કૌભાંડનો પર્દાફાશ કરી બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા, જ્યારે એસએમસી ટીમે દરોડા દરમિયાન સ્થળ ઉપરથી ૨૧,૪૮૮ લીટર લૂઝ એન્જીન ઓઈલ, નામી કંપનીના સ્ટીકર, સિલિંગ મશીન, ઈલેક્ટ્રોનિક કાંટા, ઓઈલ ભરવાનું મશીન, રોકડ, એક કાર, મોબાઈલ સહિત કુલ ૨૩.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.મળતી માહિતી મુજબ મોરબી જીલ્લાના ટંકારા તાલુકાના લજાઈ- હડમતીયા ગામની સીમમાં મારુતિ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલ ગોડાઉનમાં પૂર્વ બાતમીને આધારે રાજ્યની સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં ગોડાઉનમાં નામી કંપનીના બ્રાન્ડના સ્ટીકર લગાવી તે ટીનમાં નકલી એન્જીન ઓઈલ પેકિંગ થતું હોવાની મળેલ પ્રખર બાતમીને આધારે એસએમસી ટીમ દ્વારા રેઈડ કરવામાં આવી હતી, ત્યારે એસએમસીની રેઈડ દરમિયાન આરોપી મેહુલભાઈ નરેન્દ્રભાઈ ઠક્કર રહે.મોરબી ગોકુલધામ સોસાયટી તથા અરુણભાઈ ગણેશભાઈ કુંડારીયા રહે.મોરબી રવાપર રોડવાળાની ધરપકડ કરવામાં આવી હતી, આ સાથે એસએમસી દ્વારા ગોડાઉનમાંથી ૨૧,૪૮૮ લીટર ઓઈલ, ડબ્બા ઉપર સ્ટીકર લગાવવા માટેના મશીન, બેરલમાંથી ઓઈલ કાઢવાની મોટર, બેલ્ટ-મશીન, વજનકાંટો, સીલ-મશીન, ડબ્બામાં ઓઈલ ભરવા માટેનું મશીન, રોકડ, બેરલ, એક કાર, બે મોબાઈલ ફોન સહિત કુલ કિ.રૂ. ૨૩,૧૭,૦૪૦/-નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

# રવાપર રોડ પર એવન્યુ પાર્ક પાસે ડાયવર્ઝન ત્વરિત રીપેરીંગ કરવા આમ આદમી પાર્ટીની માંગ



**મુખ્ય સમાચાર,મોરબી**

આમ આદમી પાર્ટી ના જીલ્લા પ્રભારી પંકજભાઈ રાણસરીયા, મોરબી જિલ્લા પ્રમુખ મહાદેવભાઈ પટેલ દ્વારા મોરબી જિલ્લાનો પોસ એરીયા ગણાતો રવાપર રોડ પર ધણાં સમયથી નાલુ નબડુ હોવાથી રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો અને હમણાં તે નાલુ બનાવવા નું કામ ચાલું કરવામાં આવ્યું છે પણ તે નાલા પાસે કામ ચલાવ ડાયવર્ઝન બનાવવામાં આવ્યો છે પણ એ ડાયવર્ઝન કહેવા પુરતો હોય તેવું લાગે છે કેમ કે હમણાં મોરબીમાં વરસાદ પડવાથી તે ડાયવર્ઝન માં પાણી ભરાઈ ગયા છે,કાદવ કીચડથી ભરાઈ ગયું છે તથા ચીકાશ વાળી માટી હોવાથી વહાન ચાલકો સ્લીપ થઈ જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ શકે એવી ખરાબ હાલત થઈ ગઈ છે તો આ બાબતે આમ આદમી પાર્ટી દ્વારા તે કામચલાઉ ડાયવર્ઝન ને જેમ બને તેમ જલ્દી સમારકામ કરવામાં આવે અને કોઈ વહાન ચાલકોને અકસ્માત ન સર્જાય તે માટે વ્યવસ્થિત રીતે સમારકામ થાય તેવી માંગ મોરબી તંત્ર ને કરવામાં આવી છે અને સાથે સાથે જો ત્વરિત ધોરણે કામગીરી ન થાય તો ઉગ્ર રજૂઆત સાથે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે..

# માળીયા(મી) અણીયારી ટોલનાકા નજીક કારમાંથી વિદેશી દારૂની નાની-મોટી ૪૨૭ બોટલ ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ



મોરબી જીલ્લા ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમ દ્વારા માળીયા(મિં) અણીયારી ટોલનાકા નજીક આવેલ રોહીશાળા ગામના બોર્ડ પાસે રોડ ઉપરથી એક ડ્સ્ટ કારમાંથી વિદેશી દારૂની નાની-મોટી ૪૨૭ નંગ બોટલનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો છે. મોરબી ક્રાઇમ બ્રાંચ દ્વારા વધુ એક કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી લેવાયો હતો. જેમાં એલસીબી/પેરોલ ફર્લો સ્ટાફના હેડ કોન્સ ઈશ્વરભાઈ કલોતરા, ચંદુભાઈ કાણોતરા તથા ભરતભાઈ જીલરીયાને ખાનગીરાહે રાહે હકિકત મળેલ કે, હળવદ તરફથી એક ડ્સ્ટ કાર રજી.નં. જીજે-૦૧-કેક્યુ-૮૪૫૦ વાળી માળીયા તરફ આવનાર છે અને આ ફોર વ્હીલ ગાડીમાં ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો ભરેલ છે. તેવી ચોકકસ હકિકત આધારે અણીયારી ટોલનાકા પાસે હાઈવે રોડ ઉપર ઉપરોક્ત ગાડીની વોચમાં હોય તે દરમિયાન ડ્સ્ટ ગાડી નીકળતા તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી ૪૨૭ નંગ બોટલ મળી આવી હતી. જેથી ડ્સ્ટકાર કિ.રૂ.૧૦ લાખ તેમજ દારૂનો જથ્થો કિ.રૂ.૧,૯૧,૦૫૧/- સહિત કુલ કિ.રૂ.૧૧,૯૧,૦૫૧/-નો મુદ્દામાલ કબ્જે કરી કાર ચાલક આરોપી વિરુદ્ધ માળીયા (મિં) પોલીસ મથક ખાતે પ્રોહીબીશન ધારા તળે ગુનો નોંધાવી આગળની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે

# વાંકાનેરની ભાટીયા સોસાયટીમાં યુવકે ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

વાંકાનેર ટાઉન વિસ્તારમાં આવેલ ભાટીયા સોસાયટીમાં રહેતા ૨૮ વર્ષીય વિપુલભાઈ ડાયાભાઈ મથુરીયા નામના યુવકે ગઈકાલ તા.૨૩/૧૦ના રોજ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે ગળેફાંસો ખાઈ લેતા યુવકનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે મૃતક વિપુલભાઈની ડેડબોડી વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના હાજર ડોક્ટરે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ટીમ સ્થળ ઉપર પહોંચી અકાળે મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# એડવોકેટની ઓફિસમાં ઘુસી સગા ભત્રીજાએ છરી બતાવી કોમ્પ્યુટરની લૂંટ ચલાવી ધમકી આપી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ઈન્દિરા સર્કલ પાસે ઓફિસ ધરાવતાં એડવોકેટ વિનોદ જોષીની ઓફિસમાં ઘુસી જૂનાગઢ રહેતાં સગીર ભત્રીજાએ સ્ટાફને છરી બતાવી કોમ્પ્યુટરની લૂંટ ચલાવી ધમકી આપી હતી. બાદમાં એડવોકેટને ફોનમાં ધમકી આપી પાંચ લાખની ખંડણી પણ માંગી હતી. બનાવ અંગે યુની. પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રાજકોટમાં પુષ્કરધામ મેઈન રોડ પર વસંતકુંજ એપાર્ટમેન્ટમાં રહેતાં વિનોદભાઈ અરવીંદભાઈ જોષી (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેમના સગીર ભત્રીજાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓને રાજકોટમાં ઈન્દીરા સર્કલ પાસે શિલ્પન સ્કવેર ઓફીસ નં. ૪૦૩ માં વકીલાતની પ્રેક્ટિસ કરે છે. ઉપરાંત તેઓને ધોરાજી મેઈન પોસ્ટ ઓફીસ ચોક હીરાપન્ના કોમ્પલેક્ષમાં અને ઉપલેટા માધવ કોમ્પલેક્ષમાં ટેક્ષ કન્સલ્ટન્ટની ઓફીસ આવેલ છે. જેમાથી ધોરાજી ઓફીસ તેમના મોટા સગા ભાઈ અનીલભાઈ જોષી સંભાળે છે. ગઈ તા.૩૦/૦૯/ ૨૦૨૪ ના ધોરાજીની ઓફીસે કામથી તેમના મીત્ર જીતેન્દ્રકુમાર હીરપરા સાથે કારમા જતાં હતા ત્યારે રાજકોટ ખાતેની ઓફીસના સ્ટાફના માણસ રાજનભાઈ માંડલીયાનો ફોન આવેલ કે, તમારો જૂનાગઢ રહેતો ભત્રીજો આપણી ઓફીસે આવી છરી બતાવી સ્ટાફ સાથે ગાળા ગાળી કરી ઓફીસના ઉપયોગ માટે રાખેલ કોમ્પ્યુટર રૂ.૧ લાખ છરી બતાવી છરીથી કોમ્પ્યુટરના વાયર કાપી ઓફીસમાથી લઇ ગયેલ છે. તે બાબતે રાજનભાઈએ ૧૦૦ નંબરમાં ફોન કરી પોલીસને જાણ કરેલ હતી.



બાદમાં તેઓ ધોરાજીથી રાજકોટ પરત આવવા નિકળી ગયેલ અને તે દરમ્યાન પરત આવતાં હતા ત્યારે ભત્રીજાનો ફોન આવેલ કે, મને ધંધો કરવા માટે બે લાખ તથા દેણું ચુકવવા ત્રણ લાખ આપો બાકી તમારૂ કોમ્પ્યુટર પરત નહી મળે જેથી તેને ફોનમા સમજાવટ કરતા તે અમારી ઓફીસની નીચે આવી ઓફીસ સ્ટાફ રાજનભાઈને ફોન કરી નીચે બોલાવેલ અને ઓફીસનું કોમ્પ્યુટર પરત આપી દીધેલ. આ મારા ઓફીસ સ્ટાફના રાજન ભાઈને કહેલ કે, તારા શેઠને કહેજે કે, મને પાંચ લાખ આપે બાકી કુટુંબમા કોઈ ને રહેવા નહી દઉં તેમ ધમકી આપી નાસી છૂટ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે બીએનએસ એક્ટ ૩૦૮(૫), ૩૫૧(૨), (૩) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી એએસઆઈ હાર્દિક રવીયાએ તપાસ હાથ ધરી હતી.

# જામનગર જિલ્લામાં સૌ પ્રથમવાર મોબાઈલ એપના માધ્યમથી પશુધનની વસ્તી ગણતરી હાથ ધરાશે

## પશુધનની પાંચ વર્ષ પહેલા થયેલ ગણતરીમાં જામનગર જિલ્લામાં ૮.૪૨ લાખ પશુઓ નોંધાયા હતા

**મુખ્ય સમાચાર,જામનગર**

કેન્દ્ર સરકારના પશુપાલન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે કરવામાં આવતી પશુધન વસ્તી ગણતરી અંતર્ગત આ વર્ષે પણ પશુઓની ગણતરી કરી તેનો ડેટા સંગ્રહ કરવામાં આવનાર છે. ૨૫મી ઓક્ટોબરના રોજ જામનગર જિલ્લામાં સૌ પ્રથમવાર મોબાઈલ એપથી પ્રારંભ કરવામાં આવનાર આ ૨૧મી પશુધન વસ્તી ગણતરીને લઈને જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા જરૂરી તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ ચુક્યો છે.પશુધન વસ્તી ગણતરી માટે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારત દેશના ચાર રાજ્યોમાં ગત જુલાઈ માસમાં પાયલોટ સર્વેનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત ગુજરાત રાજ્યમાં એકમાત્ર જામનગર જિલ્લાની પસંદગી થઈ હતી. આ પાયલોટ સર્વેમાં શહેરી વિસ્તાર તરીકે કાલાવડ નગરપાલિકાના વોર્ડ નં.૩ અને ગ્રામ્ય વિસ્તાર તરીકે જોડિયા ગામમાં પ્રાયોગિક ધોરણે પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી.

૨૫મી ઓક્ટોબરથી શરુ થનાર ૨૧મી પશુધન વસ્તી ગણતરીને અદ્યતન ડેટાના આધારે પશુધનની વિવિધ જાતોની સંખ્યા નક્કી થવાથી ચારાની આવશ્યકતા, રસીકરણ, કૃમિનાશક કામગીરી તેમજ નીતિ વિષયક બાબતોના નિર્ણય લેવામાં ઉપયોગી થશે. આ વર્ષે ૨૧મી પશુધન વસ્તી ગણતરીમાં વિચરતા પશુપાલકોના પશુઓ ઉપરાંત પાંજરાપોળ, ગૌશાળા અને ડેરી ફાર્મનાં પશુઓને પણ આવરી લેવામાં આવશે. જામનગર જિલ્લા પશુપાલન અધિકારી ડો.તેજસ શુક્લના જણાવ્યા મુજબ, પાંચ વર્ષ બાદ શરુ થનાર પશુધનના ડેટા એકત્ર કરવાની કામગીરી સંપૂર્ણપણે ડીજીટલ સ્વરૂપમાં મોબાઈલ એપ, વેબ એપ અને ડેશબોર્ડનો ઉપયોગ કરીને કરવામાં આવશે. આ કામગીરી માટે નોડલ અધિકારીઓની નિમણૂક થયેલી છે.જામનગર જિલ્લામાં શહેર સહિત છ તાલુકાઓના તમામ ગામોમાં ૯૨થી વધુ ગણતરીદારો જિલ્લા નોડલ અધિકારીના માર્ગદર્શનમાં ઘરે ઘરે જઈ ઓલાદવાર પશુઓની ગણતરી હાથ ધરશે અને પશુઓની નોંધણી કરી રીપોર્ટ કરશે.



# શાપરમાં ઝઘડાના સમાધાન વખતે મામલો બીચક્યો : છરીના ઘા ઝીંકી યુવાનની હત્યા

## ૨૭ વર્ષીય મૃતક શહેઝાદ હિંગોરા પીપળીયા પાળની સીમમાં આદર્શ રેસીડેન્સી ખાતે રહેતો હતો, મિત્ર સાગર સોલંકીની બહેનને પાડોશી મહિલા સાથે માથાકૂટ ચાલતી હતી તેના સમાધાનની વાત કરવા મિત્ર સાથે ગયો અને મોત મળ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની ભાગોળે શાપરમાં ગત રાત્રે મહિલાઓના ઝઘડા બાબતે સમાધાન માટે ભેગા થયા અને ખૂની ખેલ ખેલાયો હતો. ઝઘડાના સમાધાન વખતે મામલો બીચક્યો હતો અને છરીના ઘા ઝીંકી યુવાનની હત્યા કરાઈ હતી. મૃતક શહેઝાદ યુસુફભાઈ હિંગોરા (ઉં. વ. ૨૭, રહે. પીપળીયા પાળની સીમમાં, આદર્શ રેસીડેન્સી) પોતાના મિત્ર સાગર સોલંકીની બહેનને પાડોશી મહિલા સાથે માથાકૂટ ચાલતી હતી તેની સમાધાનની વાત કરવા મિત્ર સાથે ગયો અને મોત મળ્યું હતું. રાજકોટના દિલીપ રાઠોડે નેફામાંથી છરી કાઢી સાગરને સાથળમાં ઝીંકી દીધી.

જયારે મૃતક શહેઝાદ મિત્રને બચાવવા વચ્ચે પડતા વાસામાં અને પેટમાં ઘા માર્યા હતા. શાપરના મુકેશ માલક્યિા અને રાજકોટના દિલીપ રાઠોડ, મિલન રાઠોડ, રાજેશ ડાભી સામે ખૂન, હત્યા પ્રયાસ સહિતની કલમો હેઠળ પોલીસે ગુનો નોંધ્યો છે.

ફરિયાદી બનેલા સાગરભાઈ ભીખુભાઈ સોલંકી (ઉ.વ.૩૦ રહે.હાલ શાપર ધરતી ગેઈટ અંદર, મહાદેવ સ્કેપ નામના ભંગારના ડેલામાં, મુળ રહે.રાજકોટ મવડી ચોકડી, સોમનાથ સોસાયટી, શેરી નં.૩)એ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, હું શાપર ખાતે ધરતી ગેઈટ અંદર, ઉર્જા ગેઈટ અંદર મહાદેવ સ્કેપ નામના ભંગારનો ડેલો ચલાવી વેપાર ધંધો કરું છું. અમે બે ભાઈઓ છીએ. જેમા મોટોભાઈ ચેતન (ઉં.વ.૩૫), જે રાજકોટના કોઠારીયામાં પ્લાસ્ટીકનું કારખાનુ ચલાવે છે. મારા માતા ભાવનાબેન તથા પિતા ભીખુભાઈ બંને અમારા મુળ વતન બીલખાના ઈન્દિરાનગર ખાતે રહે છે. આજથી બે દિવસ પહેલા મારા મામાના દિકરી કિરણબેન અજયભાઈ વાવેશા શાપર ગામમા વછરાજ ડેરીની પાછળ ભાડેથી રહેતા હોય અને તેની સામે મુકેશ ધીરુભાઈ માલકીયા રહેતો હોય જેથી મારા મામાના દિકરી કિરણબેનને તથા આ મુકેશભાઈના પત્ની સાથે સામાન્ય માથાકુટ તથા તકરાર થયેલ. જેથી મારા મામાના દિકરી કિરણબેને મને વાત કરેલ હતી. મુકેશભાઈને ઠપકો આપવા જણાવેલ. જેથી મે મુકેશભાઈનો મોબાઈલ નંબર મેળવી ફોન કરતા તેઓએ જણાવેલ કે, હાલ હું બહાર છું. બે દિવસ પછી આવુ એટલે આ બાબતે વાત કરીશું. તેમ વાત કરેલ હતી.ત્યાર બાદ ગઈ કાલ તા.૨૩/૧૦/૨૦૨૪ ના રોજ સાંજના આશરે પોણા આઠેક વાગ્યાના અરસામાં હું તથા મારો મિત્ર મિલન સંજયભાઈ મકવાણા, શહેજાદ યુસુફભાઈ હીંગોરા તથા વિજય વિરમભાઈ ચૌહાણ એમ અમો બધા શાપર મેઈન રોડ પર આવેલ તુષારભાઈ તથા તેનાભાઈ મેહુલભાઈ બુધેલીયાની યંગ હેર સ્ટાઈલ નામની દુકાને બેઠા હતા. તે દરમીયાન મારા મોબાઈલમાં મુકેશભાઈ માલકીયાનો ફોન આવેલ અને મને કહેલ કે, તું ક્યાં છો? મારે તને મળવું છે. તેમ વાત કરતા મેં તેને કહેલ કે, હું શાપર રોડ પર છું. જેથી તેણે કહેલ કે, શાપર મામા દેવના મંદિર પાસે આવ. આપણે ત્યા સમાધાન બાબતે વાત કરીએ. તેમ કહેલ. જેથી હું, મિલન,



શહેજાદ, વિજય, તુષારભાઈ બુધેલીયા તથા તેના ભાઈ મેહુલભાઈ એમ અમે બધા શાપર મામાદેવના મંદિર પાસે ગયેલ. રાતે સાડા નવ વાગ્યે મુકેશ માલક્યિા, તેનો સાળો દિલીપભાઈ ભરતભાઈ રાઠોડ, તેના મિત્રો મિલનભાઈ રમેશભાઈ રાઠોડ, રાજેશભાઈ ભનુભાઈ ડાભી (રહે ત્રણેય રાજકોટ) એમ બધા દિલીપની સફેદ કલરની જીજે -૦૩- એમ એલ -૭૭૯૫ નંબરની કારમાં આવેલ હતા. ત્યાં મુકેશએ મને કહેલ કે, તારા મામાની દિકરી કિરણ ક્રેમ મારી પત્ની સાથે માથાકુટ કરે છે? તેમ કહીં મારી સાથે બોલાચાલી કરવા લાગેલ અને તેની સાથે આવેલ ત્રણેય જણા પણ મારી સાથે ઝગડો કરવા લાગેલ. જેથી હું તથા મારા મિત્રો તેઓને સમજાવતા હતા તે દરમ્યાન આ ચારેય જણા ખુબ જ ઉશ્કેરાઈ ગયેલ અને મને તથા મારા મિત્રોને જેમ ફાવે તેમ અપશબ્દો કહેવા લાગ્યા હતા. અમને ઢીકા પાટુનો માર મારવા લાગેલ અને અચાનક જ આ મુકેશના સાળા દિલીપ રાઠોડે નેફામાંથી છરી કાઢી છરીનો એ કે ઘા મને જમણા પગમાં સાથળના ભાગે મારી દીધેલ. તેના શરીરના પાછળ વાસાના ભાગે તથા પેટના ભાગે છરી મારી દીધેલ. અમને બીક લાગતા બધા ત્યાથી ભાગી ગયેલ અને હુ શાપર મેઈન રોડ પર જતો રહેલ અને મને પગમાં વાગેલ હોય અને લોહી નિકળતુ હોય જેથી મે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ અને એમ્બ્યુલન્સ આવી જતા તેમાં બેસી ગયેલ અને મને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ કરેલ. મને પગમાં સાથળના ભાગે આસરે પંદરેક ટાકા આવેલ છે. ત્યારબાદ મને જાણવા મળેલ કે, મારા મિત્ર શહેજાદ હીંગોરાને શરીરના પાછળ વાસાના ભાગે છરી લાગેલ હોય જેથી તે ત્યા ખાડામા લોહી લુહાણ હાલતમા પડેલ હોય જેથી તેનો ભાઈ અલ્તાફ હીંગોરા તેને શાપર સરકારી હોસ્પિટલ ખાતે લઈ ગયેલ અને ડોકટરે તેને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. હત્યાના બનાવથી શાપર પોલીસની ટીમ દોડી ગઈ હતી. મૃતદેહ પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ગુનો દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા તજવીજ કરી હતી.

# રાજુલાના જુના બારપટોળી ગામે પ્રેમિકાએ મળવા બોલાવતા પ્રેમી સાથે ગયેલા મિત્રની પાઈપના ઘા ઝીકી હત્યા

■ **પોલીસે ભાઈ,બહેન અને પાંચ અજાણ્યા શખ્સો સહિત આઠ સામે ગુનો નોંધ્યો**

**મુખ્ય સમાચાર, રાજુલા**

રાજુલા તાલુકાના જૂની બારપટોળી ગામે પ્રેમિકાને મળવા આવેલા પ્રેમી અને તેના મિત્ર ઉપર આઠ લોકોએ હુમલો કરતા ઘાયલ થયેલા મિત્રનુ મોત થતા બનાવ હત્યામા પલ્ટાયો છે. પોલીસે આઠ વ્યકિત સામે ગુનો દાખલ કર્યો છે. રાજુલાના જામકા ગામે રહેતા ભોપાભાઈ ચીથરભાઈ મકવાણા ઉ.ણ૫એ બારપટોળી ગામના કનુભાઈ બાબુભાઈ લાખણોત્રા, નાગભાઈ વાઘ, એકતાબેન હમીરભાઈ લાખણોત્રા અને અન્ય પાંચ અજાણ્યા સહિત આઠ સામે મનુભાઈ ઉર્ફે મોમૈયા ઉ.૩૩ની હત્યા કરવા અંગે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતુ કે પૂત્ર મનુ ગત રાત્રે પીપાવાવ ડ્રાયવીંગ કરવા જઈશ તમે મારી પથારી કરી રાખજો તેમ કહી નીકળ્યા બાદ મોડી રાત્રે ફોન કરતા ઉપાડેલ નહી બાદમાં ૧૦૮ના સ્ટાફે ફોન ઉપાડી તમારો પૂત્ર રસ્તા પર ઈજાગ્રસ્ત હાલતમાં પડયો હોય રાજુલા હોસ્પિટલે લાવ્યા છીએ કહેતા હું પત્ની અને વડોદરા રહેતા પૂત્રને જાણ કરી ત્યા ગયો હતો માથામાં ઈજા હતી અને લોહીલુહાણ હાલતમાં હોય મહુવા અને ત્યાંથી ભાવનગર લઈ જતા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યો હતો તપાસ કરતા દડુભાઈના પૂત્ર અને મનુનો મિત્ર નાગભાઈએ જણાવેલ કે બારપટોળીના હમીરભાઈની પુત્રી એકતા સાથે પ્રેમ સંબંધ હોય એકતા અને તેના પરીવારજનોએ કાવતરુ રચી ફોન કરી મળવા બોલાવતા અમે જૂની બારપટોળીના રસ્તે પહોંચ્યા ત્યારે ઉપરોક્ત લોકો અંધારામાં છુપાયા હોય બહાર નીકળી મને હાથમાં લાકડી મારતા હું વાડીઓમાં ભાગી ગયો હતો અને મનુને આ લોકોએ લોખંડના પાઈપ, લાકડીથી માર માર્યો હતો જેથી પ્રેમીકા સહિત ૮ શખસોએ પૂર્વ આયોજિત કાવતરા મુજબ મનુને લાકડી તેમજ લોખંડના પાઈપ વડે માર મારતા મોત થયું હતું હત્યા અંગે રાજુલા પીએસઆઈ કે. ડી.હડીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કાશ્મીર ટૂર પેકેજના બહાને યુવાન સાથે ૩.૩૫ લાખની છેતરપિંડી કરનાર ઝડપાયો

## ઓફિશિયલ વેબસાઈટનો ઉપયોગ કરવા લોકોને સાયબર ક્રાઈમની અપીલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના નિર્મલા રોડ પર રહેતા કૌશિકભાઈ વ્રજલાલભાઈ મહેતા (ઉ.વ.૫૮)એ ગઈ તા.૨૧/૮ના રોજ સાયબર કાઈમમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, પોતે ફેસબુકમાં આવેલી જાહેરાત પરથી કાશ્મીર ટુર પેકેજના બહાને તેઓએ મિત્રો અને પરિવારજનો માટે કાશ્મીર ટુરની રૂ.૩.૩૫ લાખની ટિકીટ બુક કરાવી હતી. આ બનાવમાં ફરિયાદીને ટીકીટ નહીં મળતા તેમજ આરોપીઓએ છેતરપીંડી કરી હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમમાં નોંધાવી હતી. આ મામલે સાયબર ક્રાઈમની ટીમે દિલ્હીના શખ્સને ઝડપી લઈ પૂછપરછ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, સાયબર કાઈમ પોલીસ મથકમાં કૌશીકભાઈ મહેતા અને તેમના મિત્રો અને પરિવારર્જનો સાથે ફેસબુકના માધ્યમથી કાશ્મીર ટુર પેકેજના બહાને રૂ.૩.૩૫ લાખની છેતરપીંડી થઈ હતી. આ ગુનામાં સાયબર કાઈમ પોલીસ મથકના પી.આઈ એમ.એ.ઝણકાટ, પીઆઈ આર.જી.પઢિયાર એ.એસ.આઈ. વિવેકભાઈ કુછડીયા, દિગ્વિજયસિંહ ઝાલા, જયપાલસિંહ સોલંકી અને પૃથ્વીરાજસિંહ ચૌહાણ સહિતના સ્ટાફે તપાસ શરૂ કરી હતી અને ટેકનિકલ સોર્સ દ્વારા જાણવા મળ્યું હતું કે, આરોપી દિલ્હીનો વતની છે. ત્યાર બાદ સાયબર ક્રાઈમની ટીમે દિલ્હી પહોંચી આરોપી પર વોચ ગોઠવી ઝડપી લીધો હતો. આરોપીની પૂછપરછમાં પોતાનું નામ હીમાંશુ વીનોદ કુમાર યાદવ (રહે. હાઉસ નં.૧૮ ગલી નં.૧૯એ-૨ બ્લોક વેસ્ટ સંત નગર બુરારી દિલ્હી હોવાનું જણાવ્યું હતુ. આરોપીએ પોતે જ પોતાના ફેસબુક



પર માઉન્ટેન મુવર્સ નામની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની જાહેરાત મુકી છેતરપીંડી આચરી હતી. આ તકે સાયબર ક્રાઈમના પી.આઈ. આર.જી.પઢીયારએ સોશ્યલ મિડિયા ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ પર આવતી જાહેરાતો પરથી શોંપીંગ કે ટૂર પેકેજ બુકીંગ કરવાને બદલે ઓફિશિયલ વેબસાઈટનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

# હરિપર પાળ ગામે મહિલા સંચાલીત જુગાર કલબ ઝડપાઈ

## પોલીસે દરોડો પાડી જુગાર રમતી નવ મહિલાની ધરપકડ કરી રૂા.૬૫ હજારની રોકડ કબ્જે કરી

હરિપર પાળ ગામે મહિલા સંચાલીત જૂગારના હાટડા ઉપર મેટોડા જીઆઈડીસી પોલીસે દરોડો પાડી જૂગાર રમતી રાજકોટની ૯ મહિલાને ઝડપી લીધી હતી. મળતી વિગતો મુજબ હરીપર પાળ, જુના ગામમાં વર્ષાબેન રાકેશભાઈ રાયચુરા તેના ભાઈના મકાનમાં જૂગાર રમાડતી હોવાની બાતમી મળતા મેટોડા જીઆઈડીસી પોલીસે રેઈડ કરી જૂગાર રમતા દિપાબેન ભાવેશભાઈ પરમાર (રહે. કેવડાવાડી શેરી નં. ૧૦ ગુંદાવાડી પાસે, રાજકોટ) ધનુબેન ભુપતભાઈ રાઠોડ (રહે. કેવડાવાડી રાજકોટ) ભાવનાબેન દિનેશભાઈ પીઠડીયા (રહે. રેલનગર પાણીના ટાંકા પાસે રાજકોટ) મીનાબેન કલ્યાણદાસ અગ્રાવત (રહે. મકાન નં. ૨૪૯, બ્લોક નં. ૯ આવાસ કવાર્ટર, સાધુ વાસવાણી રોડ, રાજકોટ), શાંતુબેન જશાભાઈ હેરભા (રહે. કેદારનાથ-૧. કોઠારીયા મેઈન રોડ, રાજકોટ) નીશાબેન રામશીંગભાઈ ઠાકોર (રહે. રેલનગર ભકિતપાર્ક, રાજકોટ) શાંતાબેન લક્ષ્મણભાઈ ઓડેદરા (રહે. ઉદયનગર-૨, મવડી ચોકડી રાજકોટ ) મુકતાબેન રમેશભાઈ વાઘમશી (રહે. માધપર ચોકડી, નાગેશ્વર સોસાયટી રાજકોટ) અને સવિતાબેન પ્રતાપપુરી (રહે. ભગવતીપરા સુખસાગર શેરી નં. ૧ રાજકોટ)ને રોકડા રૂા. ૬૫,૮૫૦ અને ગંજીપતા સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટના ટ્રાન્સપોર્ટર સાથે ૩૫ જેટલા ખોટા બિલો બનાવી ૪૨.૪૬ લાખની ઠગાઈ

## અમદાવાદના મેનેજર, હરિયાણા-ગાંધીધામની મહિલા સહીત ૭ સામે ફરિયાદ

સાધુ વાસવાણી રોડ ઉપર આદિત્ય હાઈટ્સમાં રહેતા અને રાજકોટમાં આવેલ એપ્સીલોન ટ્રેડલીંક અને એપ્સીલોન લોજીસ્ટીક કંપનીમાં ટ્રાન્સપોર્ટ મેનેજર તરીકે સાત વર્ષથી નોકરી કરતા તેજસભાઈ પ્રભુદાસભાઈ રાજાણી ઉ.૪૨એ અમદાવાદ બ્રાંચ મેનેજર યુપીના અજીતકુમાર સનેહી, અમદાવાદના પંકજ સુભાષચન્દ્ર યાદવ, શૈલેન્દ્રસિંઘ ધરમપાલસિંઘ, દીપક કિશ્નકુમાર શર્મા, હરિયાણાના સરીતાદેવી તારકેશ્વર પાંડે, રાજેન્દ્ર રણજીતસિંઘ કટારીયા અને ગાંધીધામના રીનાસીંઘ બીપીનસિંઘ સામે યુનીવર્સીટી પોલીસમાં ૪૨,૪૬,૧૨૪ની છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે માલ મોકલાવ્યાનું ૮૦ ટકા પેમેન્ટ પહેલા અને ૨૦ ટકા પેમેન્ટ પછી લેવાનું હોય છે અજીત સનેહીને રાજકોટ હેડ ઓફીસ ખાતે મીટીંગમાં બોલાવી બાકી નીકળતા પૈસા બાબતે પૂછતાં કોઈ માહિતી આપેલ નહિ જેથી ૨૦ એપ્રિલના રોજ બીલ ચેક કરતા ૩૫ જેટલા બનાવી બીલો સામે આવ્યા હતા જેમાં મેનેજરએ ઉપરોક્ત છ લોકો સાથે મળી ૧૨ ડીસેમ્બર ૨૦૨૩થી ૨૦ એપ્રિલ ૨૦૨૪ સુધીમાં ખોટા બીલ બનાવી ટ્રાન્સપોર્ટર દ્વારા મળતા બિલોની રકમ જમા નહી કરાવી એપ્સીલોન ટ્રેડલીંકના ૨૨,૮૮,૦૨૮ અને એપ્સીલોન લોજીસ્ટીકના ૧૯,૫૮,૦૯૬ મળી કુલ ૪૨,૪૬,૧૨૪ રૂપિયાની છેતરપીંડી આચરી હોવાનું સામે આવતા ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# દુકાનદારની નજર ચુકવી રૂા.૧૨ હજારની ઉઠાંતરી કરનાર નામચીન તસ્કર ઝડપાયો



શહેરના બજરંગવાડી રોડ પર આવેલા વૃદાવન કોમ્પ્લેક્ષ સામે રહેતા અને પોતાના મકાન નીચે ચીલ્ડ્રન વેરની દુકાન ધરાવતા પારૂલબેન રાજેશભાઈ ટંકારીયાની દુકાનના ગલ્લામાંથી કોઈ ૧૨ હજાર રૂપિયાની ચોરી કરી લઈ જતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. આ ગુનામાં તેઓએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ગઈ તા.૨૦ના રોજ તેના ગલ્લામાં રૂા. ૧૨ હજાર હતા ત્યારે કોઈ શખ્સે ગ્રાહકના સ્વાંગમાં આવી વેપારી દંપતીને વાતોમાં ભોળવી નજર ચૂકવી રૂા. ૧૨ હજારની તફડંચી કરી હતી. આ ગુનામાં ગાંધીગ્રામ પોલીસ મથકના પી.આઈ. કે.જે.કરપડાની રાહબરીમાં પી.એસ.આઈ. એસ.એલ.ગોહીલ, હેડ.કોન્સ્ટે. મશરીભાઈ ભેટારીયા, ભગીરથસિંહ જાડેજા, શબ્બીરભાઈ મલેક, પ્રદીપભાઈ ડાંગર અને પ્રશાંતભાઈ ગજેરાએ ઘટના સ્થળે સીસીટીવી ફટેજના આધારે તપાસ કરતા આરોપીની ઓળખ મળી હતી. અને બાતમીના આધારે આરોપી દશરથ ઉર્ફે દસ્તો ગભુ જોગરાણા (રહે. રૈયાધાર સ્લમ ક્વાટર્સ)ને ઝડપી લીધો હતો. આરોપી અગાઉ વાહન ચોરી અને ઘરફોડ ચોરી સહિત ૮ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. આરોપી પાસેથી ગાંધીગ્રામ પોલીસે રોકડા રૂા.૧૨ હજાર, રીક્ષા રૂા.૩૦ હજારની મળી કુલ રૂા.૪૨ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી વિરુદ્ધ પાસાની કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરવામાં આવી રહી હોવાનું પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# મોરબી રોડ પર પત્નીને મેસેજ કરી હેરાન કરવા બાબતે થયેલા ઝઘડાનો ખાર રાખી યુવાન ઉપર પિતરાઈનો હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબી રોડ નાની રેલ્વે ફાટક પાસે સુખસાગર સોસાયટીની પાછળ પત્નીને મોબાઈલમાં મેસેજ કરી હેરાન કરવા બાબતે થયેલી માથાકુટનો ખારરાખી દંપતી તથા તેના મોટાભાઈને પીતરાઈભાઈ સહિત ત્રણ શખ્સો છરી વડે હુમલો કરતા ફરીયાદ થઈ છે.

મળતી વિગત મુજબ સામાકાઠે ઓમપાર્ક શેરી નં. ૩ માં ભાડે રહેતા રવીભાઈ હરસુખ ભાઈ ભીંડી (ઉં.વ. ૩૫) એ બી. ડીવીઝન પોલીસ મથકમાં કેશોદના ખીરસરા (ઘેડ) માં રહેતા પિતરાઈભાઈ યોગેશ હરગોવિંદભાઈ ભીંડી સામે ફરિયાદ નોંધાવી છે. રવીભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે સોનીબજારમાં પ્લેટેનિયમ ચેમ્બરમાં દુકાન ભાડે રાખી સોની કામની મજૂરીકામ કરે છે. પોતે સાથે રહે છે. પોતે આઠેકવર્ષ પહેલા સુરતના હેતલબેન સાથે પ્રેમલગ્ન કર્યા હતા. તેમજ દશેક મહિના પહેલા પોતાના સગા મોટા બાપુનો દિકરા યોગેશ હરગોવિંદભાઈ ભીંડી (ઉ.વ. ૪૬) (રહે.ખીરસરા (ઘેડ) તા. કેશોદ પોતાની પત્નિ મેસેજ કરી હેરાન કરતો હોઈ તેથી પત્નિએ આ બાબતે પોતાને વાત કરતા પોતાને પિતરાઈભાઈ સાથે ફોનમાં બોલાચાલી થઈ હતી બાદ સમાજના વડીલો વચ્ચે પડતા બંને પક્ષે બોલવાના વ્યવહાર બંધ કરી નાખ્યા હતા. પરમદીવસે પોતે ઘરે હતા. ત્યારે પિતરાઈભાઈ યોગેશનો ફોન આવતાતેણે કહેલ કે આપણે દસ મહિના પહેલાની વાતનું સમાધાન કરવું છે. અહીં મોરબી રોડ નાની રેલ્વે ફાટક પાસે સુખસાગર સોસાયટીની પાછળ રેલ્વે ટ્રેક પાસે આવો તેમ કહેતા પોતે પત્ની સાથે ત્યાં જતા આ યોગેશ અને તેની સાથે બે અજાણ્યા શખ્સો ત્રણેય કારમાં આવ્યા બાદ પોતે તેની પાસે જઈને સમાધાનની વાતચીત કરતા હતા. ત્યાં યોગશ ઉશ્કેરાઈ ગયો અને પોતાને ગાળો આપવા લાગ્યો હતો.



ત્યાં પોતે ફોન કરી મોટાભાઈ વિપુલભાઈ બોલાવતા યોગેશ સાથે આવેલા અજાણ્યા શખ્સોએ ગાળો આપી લાકડાના ધોકાવડે મારમાર્યો હતો અને યોગેશ છરી જેવા હથિયાર વડે હુમલો કરતા પોતાને ઈજા કરી હતી બાદ મોટાભાઈ વચ્ચે પડતા તેને પણ ઈજા કરી હતી. બાદ ચારેય જતા રહ્યા હતા બાદ ૧૦૮ મારફતે પોતાને તથા મોટાભાઈ ને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા આ અંગે પોતે બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધવતા પી.એસ. આઈ. એસ.એન. શ્યોરાએ તપાસ હાથધરી છે.

# રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સ્પેશિયલ મોનિટર ગોયલે સેન્ટ્રલ જેલની મુલાકાત લીધી



રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, ન્યુ દિલ્હીના સ્પેશિયલ મોનિટર બાલકૃષ્ણ ગોયેલ તા.૨૧થી તા.૨૩ દરમિયાન રાજકોટ શહેરની મુલાકાતે આવ્યા હતા. તેઓએ રાજકોટ મધ્યસ્થ જેલની મુલાકાત દરમિયાન જેલ અધિક્ષક રાઘવ જૈન દ્વારા બાલકૃષ્ણ ગોયેલને આવકારી તેઓને રાજકોટ જેલની વિવિધ કામગીરી તેમજ જેલમાં ચાલતા વિવિધ પ્રકારના ઉદ્યોગથી વાકેફ કરવામાં આવ્યા હતા. મુલાકાત દરમિયાન બાલકૃષ્ણ ગોયેલે જેલના તમામ યાર્ડમાં રહેલ બંદીવાનોની રૂબરૂ મુલાકાત લઈ અરજો સાંભળી હતી તેમજ માનવ અધિકારના તમામ નિતિ નિયમોથી અવગત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા કરવામાં આવતી કામગીરીથી તમામ બંદીવાનોને વાકેફ કરવામાં આવ્યા હતા. તેઓની વિઝીટ દરમિયાન રાજકોટ મધ્યસ્થ જેલ પ્રશાસનની કામગીરી તથા જેલની સાફ સફાઈ, ખોરાક તથા જેલમાં ચાલતા ઉદ્યોગોની પ્રશંસા કરવામાં આવી હતી.

# ઉદ્યોગપતિ સાથે રૂા.૫૬.૪૭ લાખની ઠગાઈ કરનાર પૂર્વ ભાગીદારની ધરપકડ

## વિરાણી અઘાટમાં હાર્ડવેરનું કારખાનું ચલાવતા વેપારી સાથે અગાઉ બે શખ્સોએ ઠગાઈ કરી'તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિરાણી અઘાટમાં ઘનશ્યામનગર શેરી નં.રમાં વેરિટો ઈન્ડિયા નામનું હાર્ડવેર અને સેનેટરી વેરનું કારખાનું ધરાવતાં વ્યવસાયિક સાથે મફતમાં ભાગીદાર બની ૫૬.૪૭ લાખ રૂપિયાનો ધૂંબો મારવાના ગુન્હામાં ભક્તિનગર પોલીસે ધવલ ખાંટ નામના મુખ્ય આરોપીને દબોચી લીધો છે જ્યારે તેની સાથે કાંડમાં સામેલ હિતેશ કલોરાણીયાની શોધખોળ ચાલી રહી છે.

આ અંગે વિગતો પ્રમાણે કારખાનાના માલિક રસિકભાઈ વીરજીભાઈ ખાણધર (ઉ.વ.૫૦)એ ભકિતનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં પૂર્વ ભાગીદાર ધવલ વલ્લભભાઈ ખાંટ (રહે.જીવરાજ પાર્ક) અને પૂર્વ સેલ્સમેન હિતેશ હરિભાઈ કલોરાણિયા (રહે. પુનિતનગર)નું નામ આપ્યું હતું. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે રસિકભાઈના રસિકભાઈના કારખાના પર અને બીજી પેઢી વાયબ્રન્ટ મેટલ ટેકમાં ધવલ કોમ્પ્યુટર સર્વિસ તરીકે કામ કરવા આવતો હોવાથી ૨૦૦૬થી તેની સાથે પરિચય હતો. જે-તે સમયે ધવલ પાસે કોઈ કામધંધો ન હોવાથી ૨૦૧૯માં રસિકભાઈના કારખાનામાં કોઈ પણ પ્રકારનું રોકાણ કરાવ્યા વગર ૩૩%નો ભાગીદાર બનાવ્યો હતો. ધવલને માર્કેટિંગ,ઓફિસ વર્ક, એકાઉન્ટ અને ફાયનાન્સને લગતું કામ સોંપવામાં આવ્યું હતું. આ પછી ધવલે જ હિતેશને માર્કેટિંગના કામ અર્થે નોકરીએ રાખ્યો હતો.

ત્યારબાદ ૨૦૨૩માં




રસિકભાઈની તબિયત બગડતાં તેઓ ત્રણ મહિના સુધી કારખાને જઈ શક્યા ન હોવાથી ધવલ અને હિતશે તેમની ગેરહાજરીનો લાભ લઈ કારખાનાનો મહત્ત્વનો ડેટા ચોરી લીધો હતો. એટલું જ નહીં બન્નેએ રસિકભાઈની આરોપી

જાણ બહાર બીજું યુનિટ ઉભું કરી લીધું હતું જેથી ધવલને ભાગીદારીમાંથી છૂટો કરી દેવાયો હતો. જો કે ભાગીદારી દરમિયાન ધવલ પાસે તેના હસ્તકના અલગ-અલગ વેપારીઓ પાસેથી ૫૬.૪૭ લાખ લેવાના નીકળતા હતા જે ધવલે પરત આપ્યા ન્હોતા. આટલું ઓછું હોય તેમ બન્નેએ પોતાને વેરિટો બ્રાન્ડના માલિક ગણાવવાનું શરૂ કરી દીધું હતું અને સોશ્યલ મીડિયા પર પણ તેનો ભરપૂર પ્રચાર કર્યો હતો. આ ઉપરાંત બન્નેએ રસિકભાઈના પુત્રનું ૩.૪૭ લાખનું બાઈક, બે મોબાઈલ ફોન પણ લઈ લીધા હતા. આ ફરિયાદ નોંધાતાં જ પોલીસે ધવલની ધરપકડ કરી લીધી હતી જ્યારે હિતેશ ફરાર થઈ જતાં તેની શોધખોળ ચાલી રહી છે.

# સરકારી કચેરીઓમાં ત્રીજા દિવસે ૩૨૦ વાહન ચાલકોને હેલ્મેટનો દંડ ફટકારાયો

## ટ્રાફિક પોલીસે કોર્પોરેશન, માર્ગ-મકાન વિભાગ, ક્રાઈમ બ્રાન્ચ, RTO: PGVCL સહીતની કચેરીઓ ખાતે ડ્રાઈવ યોજી ૧.૪૯ લાખનો દંડ ફટકાર્યો



શહેરમાં સતત ત્રીજા દિવસે સરકારી કચેરીઓ બહાર હેલ્મેટ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ટ્રાડિક પોલીસ દ્વારા કોર્પોરેશન, માર્ગ-મકાન વિભાગ, કાઈમ બ્રાન્ચ, છઝઘ, ડત્રસ્ટઈક સહીતની કચેરીઓ ખાતે ડ્રાઈવ પોજી ૩૨૦ વાહન ચાલકોને કુલ રૂ.૧.૪૯ લાખનો દંડ ફટકાર્યો હતો. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સુચનાથી અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવની રાહબરી હેઠળ ઈન્ચાર્જ એસીપી વી.જી.પટેલના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ટ્રાફિક શાખાની જુદી જુદી ટીમો દ્વારા હાઈકોર્ટની સુચના અને જીએડી ડિપાર્ટમેન્ટ દ્વારા પરિપત્ર અનુસંધાને ગઈકાલ સતત ત્રીજા દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી ડીસીબી પોલીસ સ્ટેશન, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ક્રાઈમ બ્રાન્ચ, દૂધસાગર રોડ પર આવેલ પીજીવીસીએલની વિભાગીય કચેરી, રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોન કચેરી, પાક્ષિક રોડ પર આવેલ માર્ગ અને મકાન વિભાગની કચેરી આરટીઓ ઓફિસ સહિતની સરકારી કચેરી ખાતે સ્પેશિયલ હેલ્મેટ ડ્રાઈવ યોજવામાં આવી હતી. અને હેલ્મેટ ન પહેરનાર કર્મચારી અને અરજદારોને રોકડ અને ઈ ચલણ મારફત કુલ ૩૨૦ વાહન ચાલકો પાસેથી રૂ.૧.૪૯ લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો.